દક્ષિણ ગુજરાત
શુક્રવાર, તા.૨૮ ઓગષ્ટ,૨૦૨૬

૪૩ વર્ષની મહિલાને પરિણીત શખ્સે પ્રેમજાળમાં ફસાવી અવારનવાર દુષ્કર્મ

બારડોલી,ગુરુવાર

સુરત જિલ્લાના અંબિકા તાલુકાના અનાવલ વિસ્તારમાં પ્રેમસંબંધ બાંધી લગ્નની ખોટી લાલચ આપી તથા અંગત પળોના ફોટા વાયરલ કરવાની ધમકી આપી ૪૩ વર્ષની મહિલા પર પરણિત શખ્સે અવારનવાર દુષ્કર્મ આચરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

અંબિકા તાલુકાની મહિલા અને શખ્સને લગ્ન પહેલા પ્રેમસબંધ હતાઃ મહિલાની પતિ સાથે તકરાર દરમિયાન નિકટતા વધારી ફોટો-વીડિયો બનાવી બ્લેકમેઈલ કરી

અનાવલ વિસ્તારમાં નરેન્દ્રસિંહ ક્રાંતિલાલ દેસાઈ (ઉ.વ.૪૧) પત્ની અને બાળકો સાથે રહે છે. નરેન્દ્રસિંહને મહિલા સાથે બંને પરણે તે પહેલાં પ્રેમ સંબંધ હતો. બાદમાં બંનેના લગ્ન થયા હતાં.

મહિલાના વિદેશી સિટિઝન સાથે લગ્ન થયા બાદ મનમેળ ન થતાં પરત પિયર રહેવા આવી ગઈ હતી. મહિલાના તેમના પતિ સાથે ચાલતા મેટ્રિમોનિયલ (લગ્નજીવન વિષયક) તકરારનો અનુચિત લાભ ઉઠાવી નરેન્દ્રસિંહે મહિલા સાથે સંપર્ક વધાર્યો હતો.

ત્યારબાદ લગ્ન કરવાની લાલચ આપી અવારનવાર જુદી જુદી હોટેલોમાં તથા શુક્રલેશ્વર પુલ આગળ આવેલા મેદાન બાજુની ખુલ્લી જગ્યામાં મહિલાની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હતા. નરેન્દ્રસિંહે મહિલાના અંગત પળોના ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયા કે અન્ય જગ્યાએ વાયરલ કરી દેવાની ધમકી આપી હતી. નરેન્દ્રસિંહ અવારનવાર અપશબ્દો બોલી ઝપડો કરી મહિલાને લાકો મારી અપમાનિત કરતો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી શારીરિક તથા માનસિક નુકસાન પહોંચાડતો હતો. સતત શારીરિક-માનસિક સતામણી અંગે આખરે મહિલાએ અનાવલ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. અનાવલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દક્ષિણ ગુજરાતના ગામેગામમાં રક્ષાબંધનનો તહેવાર ઉજવવા માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સુરત જિલ્લાના માંડવી અને અંબિકા તાલુકાના ગામોમાં પણ રક્ષાબંધન પૂર્વે બહેનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોંઘવારીને માહોલ વચ્ચે પણ બહેનો રાખડીની ખરીદી કરવામાં કોઈ કસર છોડી રહી નથી. વિવિધ પ્રકારની રાખડીઓ અને મીઠાઈઓની દુકાનો પર આજે ખરીદીની ભારે ભીડ જોવા મળી હતી.

દમણના દરિયા કિનારેથી વાપીના ગુમ યુવાનનો મૃતદેહ મળ્યો

વાપી,ગુરુવાર

વાપીમાં સ્થિત યુવાન કંપનીમાં નોકરી પરથી છૂટ્યા બાદ ગુમ થયો હતો. બાદમાં યુવાન દમણના દરિયા કિનારેથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે.

બુધવારે વાપીની કંપનીમાંથી છૂટ્યા બાદ અંકિત ઠક્કર ભેદી સંજોગોમાં ગુમ થયો હતો

પ્રાપ્ત માહિતિ અનુસાર વાપીના મુકુન્દાનંદ માર્ગ પર શ્રીનાથજી રેસીડેન્સીમાં રહેતો અંકિત રમેશકુમાર ઠક્કર (ઉ.વ.૩૮) ગઈકાલે બુધવારે રાબેતા મુજબ કંપનીમાં નોકરી પર ગયો હતો. અંકિત ઘરે પણ નહી પહોંચતા પરિવારજનો ચિંતામાં મૂકાયા હતા. પરિવારજનો અને સબંધીઓએ વાપી તથા આસપાસના વિસ્તારમાં શોધખોળ શરૂ કરી હતી. જો કે અંકિતની ભાળ મળી ન હતી. બીજાદરફ આજે ગુરુવારે સાંજે નાની દમણના દરિયા કિનારે એક યુવાનની લાશ મળી આવી હતી. યુવાનની લાશ અંગે પોલીસનેજાણ કરતા પોલીસ દોડી ગઈ હતી. બાદમાં યુવાનની લાશ પાણીમાંથી બહાર કાઢી હતી. યુવાનના ખિસ્સામાંથી મળેલા આઈકાર્ડના આધારે તેની ઓળખ અંકિત ઠક્કર તરીકે થઈ હતી. પોલીસે પરિવારજનોને જાણ કરી હતી. પોલીસે લાશનો કબજો લઈ પી.એમ.માં મોકલી અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. જો કે યુવાનનું મોત અકસ્માતે, આત્મહત્યા કે અન્ય કારણ કારણોસર થયું તે અંગે હાલ કોઈ કારણ બહાર આવ્યું નથી. પોલીસે આ દિશામાં તપાસ કરી છે.

અતુલ ગ્રા.પં.ની ગેરરીતિઓ ઉજાગર કરનાર અરજદારને જાનથી મારી નાખવાની ધમકી

વલસાડ,ગુરુવાર

અતુલ ગ્રામ પંચાયતના વહીવટ અને નાણાકીય વ્યવહારોમાં થયેલી કથિત ગેરરીતિઓ અંગે આરટીઆઈ મારફતે માહિતી મેળવી સરકારી તંત્ર સમક્ષ રજૂઆત કરનાર અરજદારને ભૂતપૂર્વ ઉપસરપંચ દ્વારા વારંવાર જાનથી મારી નાખવાની, હાથ-પગ તોડી નાખવાની તેમજ અસામાજિક તત્વો મારફતે હુમલો કરાવવાની ધમકી આપવામાં આવતી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

ભુતપૂર્વ ઉપસરપંચ દ્વારા અસામાજીકો મારફત હુમલો કરાવવાની ધમકી આપ્યાના આક્ષેપ સાથે પોલીસ રક્ષણની માંગણી કરી

અતુલ ગામે રહેતા અરજદાર જેન્યુબલ આર પટેલ ના જણાવ્યા મુજબ અતુલ ગ્રામ પંચાયતમાં દર્શલ વિજયભાઈ દેસાઈ ઉપસરપંચ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પંચાયતના વહીવટ અને નાણાકીય વ્યવહારી અંગે સંક્ષ જણા તેમણે કાર્યદરસની પ્રક્રિયા હેઠળ આરટીઆઈ મારફતે માહિતી મેળવી હતી. મળેલા દસ્તાવેજો અને માહિતીના આધારે પંચાયતના નાણાકીય વ્યવહારોમાં ગંભીર ગેરરીતિઓ હોવાનો આક્ષેપ કરી અરજદારે સરકારી તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી.

આ મામલે અતુલ ગ્રામ પંચાયતના સરપંચ વિક્રમભાઈ ઠાકોરભાઈ નાયકા સહિત અન્ય ગ્રામજનોએ પણ સંબંધિત સત્તાધિકારીઓ અને જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજૂઆતો તથા રજૂઆતો કરતા સરકારી તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન અંદાજે રૂ.૧.૦૮ કરોડની નાણાકીય ગેરરીતિ અને ભ્રષ્ટાચાર સંભવિત મુદ્દાઓ સામે આવ્યા હતા. આ કાર્યવાહી બાદ દર્શલ વિજયભાઈ દેસાઈ વિરુદ્ધ વહીવટી કાર્યવાહી કરીને તેમને ઉપસરપંચ પદેથી સસ્પેન્ડ કરાયા હતા. અરજદારના જણાવ્યા મુજબ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગ્રામ પંચાયતના ચુકવણાને લગતી અંદાજે રૂ.૧૧.૪૧ લાખની રકમ પરત ભરવા અંગે પણ હુકમ કરવામાં આવ્યો છે. આ હુકમ સહિતના સંબંધિત દસ્તાવેજો પોલીસ સમક્ષ રજૂ કરાયા છે. અરજદારનું કહ્યું ગંભીર આક્ષેપ કરતા જણાવાયું છે કે ગેરરીતિ બહલ તંત્ર દ્વારા થયેલી કાર્યવાહી મુદે દર્શલ વિજયભાઈ દેસાઈ અરજદાર પ્રત્યે દ્રુશ્મની રાખી છે અને છેલ્લા કેટલાક સમયથી ધમકીઓ આપી રહ્યા છે. કાપડસરની કામગીરી બંધ કરાવવા માટે દબાણ ઉભું કરવામાં આવી રહ્યું છે. વારંવાર જાનથી મારી નાખવાની, હાથ-પગ તોડી નાખવાની અને ગુંડા કે અસામાજિક તત્વો મારફતે હુમલો કરાવવાની ધમકીઓ મળે છે. અરજદારે પોતાને તેમજ પરિવારને ગંભીર જોખમ હોવાનું જણાવી વલસાડ રૂરલ પોલીસ સમક્ષ તાત્કાલિક એફઆઈઆર નોંધવા, સમગ્ર મામલે કાયદેસરની કડક કાર્યવાહી કરવા અને પોલીસ રક્ષણ પૂરું પાડવા માંગ કરી છે. આક્ષેપોની સત્યતા અંગે પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ સ્થિતિ સ્પષ્ટ થશે.

વલસાડમાં ડેરીમાં ચોરી કરનાર બે આરોપી ગણતરીના સમયમાં પકડાયા

વલસાડ,ગુરુવાર

વલસાડ શહેરના નાની ભગ્રીવાડ વિસ્તારમાં આવેલી પ્રસિદ્ધ દિલિપ ડેરીને નિશાન બનાવી ગઈકાલે બુધવારે મોડી રાત્રે ચોરી કરનાર મહારાષ્ટ્રના ઉલ્હાસનગરના બે શખ્સોને વલસાડ સીટી પોલીસે ગણતરીના સમયમાં રોકડ રકમ અને મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે. ડેરીના માલિકે પોતાના મોબાઈલ પર સીસીટીવીનું લાઈવ ફુટેજ જોઈ તાત્કાલિક ૧૧૨ નંબર પર જાણ કરતા પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ભાગી રહેલા ચોરોને સ્ટેડિયમ રોડ પરથી ઝડપ કરી દબોચી લીધા હતા.

કારીગરે જાણ કર્યા બાદ સીસીટીવીના ફૂટેજ મોબાઈલમાં લાઈવ જોઈ વેપારીએ પોલીસને કોલ કર્યો : બંને ચોર સ્ટેડિયમ પરથી ઝડપાયા

વલસાડના સરદાર હાઈટ્સમાં રહેતા અને નાની ભગ્રીવાડમાં રેમન્ડ શો-રૂમ સામે દિલિપ ડેરી ચલાવતા પ્રણવભાઈ મહેંદ્રભાઈ ચૌહાણ ગઈકાલે બુધવારે રાત્રે ૯ વાગ્યે રોજબરોજ મુજબ ડેરી બંધ કરીને ઘરે ગયા હતા.

દરમિયાન ડેરીના બીજા માળે રહેતા કારીગર ગુણવંતભાઈ દરવીએ પ્રણવભાઈને ફોન કરીને જણાવેલ કે નીચે દુકાનમાંથી કોઈ અવાજ આવી રહ્યો છે. જેને લઈ પ્રણવભાઈએ તરત જ પોતાના મોબાઈલ એપ્લિકેશનમાં દુકાનના સીસીટીવી કેમેરાનું લાઈવ ફૂટેજ જોતા પાછલી પડોશેલો એક અજાણ્યો શખ્સ ડ્રીલમીશ વડે ડેરીનું શટર નીચેથી વાળીને સરકીને અંદર ઘૂસતો અને ટેબલના ખાનામાંથી રોકડ રકમની ચોરી કરતો દેખાયો હતો.

ઘટનાની ગંભીરતા જોઈ ડેરી માલિકે તુરંત જ ૧૧૨ પર પોલીસને જાણ કરી હતી. મેસેજ મળતા જ વલસાડ સીટી પોલીસની પીસીઆર વાન તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે ડેરી માલિકના મોબાઈલમાં સીસીટીવી ફુટેજ જોઈ આરોપીઓનું વર્ણન મેળવ્યું હતું અને તાત્કાલિક આસપાસના વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હતી.

પોલીસ ટીમ આઝાદ ચોકીથી સ્ટેડિયમ રોડ તરફ જઈ રહી હતી ત્યારે કાળા કલરની બેગ લટકાવીને જતા બે શખ્સો પોલીસ વાહન જોઈને ભાગવા લાગ્યા હતા. જેથી પોલીસે પીછો કરીને બંનેને ઝડપી લીધા હતા.

પોલીસે અજય અમર સિંઘ લખાના (ઉ.વ.૨૦) અને રૂષિ સોનુ સિંગ (ઉ.વ.૨૫) (બંને રહે. ખાનગી લક્ષ્મીનિવાસ, શ્રી ગુરૂ તેગ બહાદુર કોલોની, ઉ લ્હા સ ન ગ ર , મહારાષ્ટ્ર)ની પરપ્રકાંત કરી હતી. પોલીસે રોકડા રૂ.૨,૩૮૦, ૩ મોબાઈલ, ચોરીમાં વપરાયેલ સાધન સહિતનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો હતો.

વાલોડના હથુકા ગામમાં ત્રણ વાછરડાંનો શિકાર કરનાર દીપડો રાત્રિ દરમિયાન પાંજરે પૂરાયો

બારડોલી,ગુરુવાર

તાપી જિલ્લાના વાલોડ તાલુકાના હથુકા ગામ અને આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાના આતંકને કારણે પશુપાલકો અને ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ વ્યાપેલો હતો. ગામમાં અંકિત રમણભાઈના વાડામાંથી ર ગાયના વાછરડા તેમજ હર્ષદ પટેલના વાડામાંથી ૧ વાછરડાનું દીપડા દ્વારા શિકાર કરવામાં આવ્યો હતો. ગંભીર પટના અને ગ્રામજનોએ સ્થાનિક આગેવાન રમેશ પનગરનું ધ્યાન દોરતા વન વિભાગના આરએફઓને રજૂઆત કરી હતી. જેથી ગામમાં દીપડાને પાંજરે પૂરવા માટે યોગ્ય સ્થળે મરઘાના મારણ સાથે પાંજરું ગોઠવી દીધું હતું. દરમિયાન મોડી રાત્રે શિકારની શોધમાં નીકળેલો દીપડો લલચાઈને પાંજરામાં પ્રવેશતાં જ પૂરાઈ ગયો હતો. આજે વહેલી સવારના વાયુવેગે પ્રસરતા ગ્રામજનો મોટી સંખ્યામાં તેને જોવા માટે ઉમટી પડ્યા હતા. વન વિભાગની ટીમે દીપડાને રેસ્કયૂ કરી સુરક્ષિત રીતે કબ્જો મળેવી લીધો હતો અને આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

વેચવાનું છે

સમારી નવસારી-સંકલ્પના પાસે સાગેલ સ્થાના એપાર્ટમેન્ટ નં. ૪, દુકાન નં. ૧ અને તેમના નીચે સાગેલ ગોડાઉન વેચવાના છે. દુકાનનું,

લોકલના ૩૩૮.૦૦ ચો. ફુટ

અને ગોડાઉન ૧૪૬.૦૦ ચો. ફુટ છે.

ચોખ્ખેદર મો. નં.:

ભારતીબેન શાહ - ૮૯૨૫૦ ૨૦૧૬૩

સાનંદ પેઢામી - ૮૮૭૦૦૬૬૬૨૫

જાહેર નોટીસ

મારી જાણ પ્રમાણે જમાનાવાડ ૬, કમ્પા પોલીસ ની વિરૂદ્ધ ક્ર. કાર્યવિધિ દ્વારા મોજે વાપી ચલા, તા. વાપી, જિ. સલવાડમાં આવેલ સ. ૨૪૦૮/૩૦૬૨૨ નો મિલનો ગુજરાત સમાચાર દિનિક પત્રમાં પાના નં. ૦૮ પર અને દિવ્ય ભાસ્કર દિનિક પત્રમાં પાના નં. ૦૩ પર અખબારો મારફત જાહેર નોટીસનો દાખિલ જાહેરાત મારફતે અખબારમાં આવેલ નોટીસમાં ગ્રાહકનું જણાવેલ મારી અને અમોદરાની શી મુકેશ ગુલાબભાઈ કિસાઈ અને કેમ્પા ગુલાબભાઈ કિસાઈ એ ગુલાબભાઈ કિસાઈની પત્ની અને સ્વીમા ગુલાબભાઈ કિસાઈ ના સિંકર પેઢીની પત્નીનો દાવા વાલોકોમાંથી કિસાઈની મિલકત ૨ ને પ્રમોટનાં કાયદા વિરુદ્ધ મુકુંદ અને સમ્પત્તિ મારીને છે. પેઢી ના ગુલાબભાઈ નોટીસ ક્રમ નં. ૨૪૦૮/૩૦૬૨૨ ના દિનાંક ઉપરોક્ત દિનિક પત્રમાં અનુક્રમ નં. ૦૩ થી અનુક્રમ નં. ૧૮ પર થી મુકેશ ગુલાબભાઈ કિસાઈ અને કેમ્પા ગુલાબભાઈ કિસાઈ ને ગુલાબભાઈ કિસાઈની પત્ની અને સ્વીમા ગુલાબભાઈ કિસાઈ ને સિંકર પેઢીની પત્નીનો વાલોકોમાંથી કાયદા વિરુદ્ધ કબ્જો પ્રમાણે ને જમાનાવાડ ૬ પર થી અનુક્રમ નં. ૦૨ પર સ્વીમા ન. ૦૨ થી ગોલો કે "ખાલ કેમ્પાને મુકુંદ વાલોકોમાંથી સ્વીમા કિસાઈની જમીન ક.આ.નં. થી." ને ફેરવાને "૦૦ - ૧૫ - ૧૬.૦૦" ના બદલે "૦૦ ક. ૧૫ આરે. ૧૬.૩૮" પ્રમાણે સંમતાનુ છે. જેમાં અનુક્રમ નં. ૧૬ પર સ્વીમા ન. ૦૨ થી ગોલો કે "ખાલ કેમ્પાને મુકુંદ વાલોકોમાંથી સ્વીમા કિસાઈની જમીન ક.આ.નં. થી." ને ફેરવાને "૦૦ - ૦૧ - ૧૩.૦૦" ના બદલે "૦૦ ક. ૦૧ આરે. ૧૩.૬૮" પ્રમાણે સંમતાનુ છે.

વિજુ ચ.કાનજીભા (ખાનગીકાર)

સ્થળ મારા, સોનગઢ નોટીસ, વલસાડ/નવસારી રોડ, વલસાડ, તા.જી.વલસાડ-૩૯૬૦૦૧

જાહેર નોટીસ

ગુજરાત સરકારના નવસારી ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ તાલુકે નવસારીના મોજે ગામ ખાંડુધા ના ભાગ નં. ૧૪૫૩ ના બ્લોક/સર્વે નં. ૦૮૮ થી નોંધાયેલી ખેતીની ચુની સરતની જમીન જેનું સુબારે ક્ષેત્રફળ ૦-૧૫-૮૦ હે.આરે.ચો.મી. વાળી પ્રકાશકુમાર વલસભાઈ પટેલ ના નામે માલિકી કબજા ભોગવટે ચાલી આવેલ છે. જે અમારા અસીલ ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને તમામ બોજા રહીત વેચાણ આપવા પુરો સંમતિ રહેલ છે. આથી વાગતા વળતામાં તમામને જણાવવાનું કે, ઉપરોક્ત જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકત ઉપરોક્ત જમીન માલિકે મારા અસીલને તમામ બોજા રહીત વેચાણ આપવા નક્કી કરેલ છે. સરકારું જમીનમાં ઉપર જણાવેલ શખ્સો સિવાય અન્ય કોઈ ના કોઈપણ પ્રકારના હકક, હીત, લાગણીઓ, દરકારો, લીસ્સો, ખોસણી-પંચાળી ગીરો, લોન વિગેરે હોય યા વધારાના હકકો કે ઉદ્ભેખેદ સ્વરૂપના હકકો યા કોઈ બેંક કે નાણાકીય સંસ્થાનો બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩ માં પુરાવા સહીત લેખિતમાં જણા કરવી, મુદત પછી કોઈના કોઈપણ જાતની તર-તકરાર માનશે નહીં અને તેમણે પોતાના તમામ હકક, હિસ્સો, દરકારો જતો કર્યો છે તેમ માની મારા અસીલે સરસ્તું વ્યવહાર પુર્ણ કરી પાકો દસ્તાવેજ કરાવી લેશે, તેમજ ઉપરોક્ત મિલકતનું ટાઈટલ બાબતે રેવાબાં આવ